સે. ૧૭ શોપીંગ સેન્ટરમાં અંધારાનો લાભ લઈ એકઠા થતા લુખ્ખા તત્વો

શોપીંગ સેન્ટર પાછળ લાઈટ નાખી પ્રકાશીત કરવાની વસાહત મંડળની માંગણી

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સે. ૧૭માં શોપીંગ સેન્ટરની પાછળ લાઈટના અભાવે ચોરી થવાની શક્યતા રહેલી છે. જેથી વસાહત મંડળ દ્વારા લાઈટના થાંભલા નાખવા વસાહતીઓએ માગણી કરી છે.

શહેરમાં ઘરફોડ અને ધોળા દિવસે નાની મોટી ચોરીની સમસ્યાઓ વકરી ઉઠી છે. ત્યારે શહેરના સે. ૧૭ના શોપીંગ સેન્ટરમાં અંધારૂ રહેતુ હોવાથી વેપારીઓ અને વસાહતમંડળે શોપીંગ પાછળ લાઈટ નાખવા માગણી કરી છે.

શિયાળાની કડકડતી ઠંડીમાં લોકો ઘરની બહાર નિકળવાનું ટાળતા હોય છે. અને એમાય જ્યા લાઈટની વ્યવસ્થા ન હોય ઘરફોડ ચોરી કરતા ચોરોને મોકળુ મેદાન મળી જાય છે.

શોપીંગ સેન્ટરમાં અંધારૂ હોવાથી લુખ્ખા તત્વો ઠેર ઠેર પોતાના અડ્ડા જમાવતા હોય છે અને ક્યારેક યુવતિઓની મશ્કરી પણ કરતા અચકાતા નથી. વસાહત મંડળ દ્વારા ટોરેન્ટ પાવર, આર.એન્ડ.બી. વિભાગ, મહાનગરપાલિકા અને વોર્ડના કોર્પોરેટરોને પણ સમસ્યાનું નિરાકરણ લાવવા જણાવાયું છે. મહાનગરપાલિકા દ્વારા કોર્પોરેટર ગ્રાન્ટમાંથી સોલર લાઈટ નાખવામાં આવે છે. જે અહિ અતિ જરૂરી હોવાથી તે માટે ત્રણ મહિના પહેલા અરજી કરેલ છે. છતાં તંત્ર દ્વારા માંગણી સંતોષવામાં આવતી નથી. તેમ વસાહતમંડળના પ્રમુખ રજુજી ગોલે જણાવ્યું છે.

પોર ગામની ૧૩ વષીય કિશોરીનું લગ્ન કરવાની લાલચે અપહરણ

ચાર શખ્સો સામે અડાલજ પોલીસ મથકમાં અપહરણ તથા ગુનામાં મદદગારીનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીકના પોર ગામમાં રહેલી ૧૩ વર્ષની કિશોરીને લગ્ન કરવાના ઈરાદે ગામનો જ એક શખ્સ તેના અન્ય ત્રણ મિત્રોની મદદથી ભગાડી ગયો છે. કિશોરીના પિતાએ દિકરીના થયેલા અપહરણ મામલે અડાલજ પોલીસને જાણ કરતાં સિનિ. પી.આઈ. એસ.એસ. ગઢવીએ ચાર શખ્સો સામે ગુનો દાખલ કરી તેમની શોધખોળ શરૂ કરી હતી.

પોર ગામની ૧૩ વર્ષની કિશોરીને ૨૮ નવેમ્બરના રોજ ગામનો જ શખ્સ કાળાજી ઉર્ફે નાગેશ રાજુ ઠાકોર લગ્નની લાલચ આપીને ભગાડી ગયો હતો. આ સંદર્ભે અગાઉ કિશોરીના પિતાએ જાણવા જોગ અરજી પણ આપી હતી. આ બનાવ ગામનો ભાવેશ ઓથાજી ઠાકોર, ગલાજી અને પુન્દ્રાસણ ગામના લાલાજી ઠાકોર સામે મદદગારીનો અને કાળાજી સામે અપહરણનો ગુનો દાખલ કરી તેમને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

ચિલોડા સર્કલ પાસે રખડતા-ભટકતા ભિક્ષુકને ઠંડીથી બચાવવા ગોદડી ઓઢાડી માનવતાની મહેક પ્રસરાવી

ચિલોડા, તા. ૨૨

શિયાળાની મોસમ ખીલી ઉઠી છે. જ્યારે સૌથી વધુ લઘુત્તમ

તાપમાનનો પારો ગાંધીનગર જિલ્લાને ઠંડીએ ભરડો લેતાં માનવજીવનને ભારે અસર વર્તાઈ રહી છે. એકબાજુ, ઉત્તરભારતની કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં સામાન્ય માનવીનું જીવન વધુ મુશ્કેલીભર્યુ બન્યું છે. જાહેર માર્ગો- સર્કલો પર રખડતા ભટકતા માનવીયો કુદરતના સહારે ઠંડી-ગરમી કે ભારે વરસાદની ઋતુઓમાં કુદરતના ભરોસે જીવન વિતાવી રહ્યા છે. તેવા ચિલોડા સર્કલ પાસે જાહેરમાર્ગોની હોટલો નજીક એક આધેડ ઠંડીમાં આમતેમ આંટાફેરા કરી રાત્રે ઠંડીના મોજાથી હેરાન-પરેશાન થતાં ગોદડીના ગાભા ઓઢી ગુમ્મા કરે છે ત્યારે ચિલોડા ગામના એક અગ્રણીએ આ ઠંડીથી ધ્રુજતો શખ્સને જોતાં દયા અને માનવતાની લાગણી પેદા થતાં તુરત જ ફૂટપાથ નજીક ગોદડીયો બનાવતા વેપારીઓને ત્યાંથી લાવી બે ગોદડીયો ઓઢાડી માનવતાની મહેંક પ્રસરાવી હતી. જનસેવા એ જ પ્રભુસેવાની ઉક્તિને સાર્થક કરી બતાવી હતી. ચિલોડાના ફૂટપાથ પર શ્રણિક પરિવારો દ્વારા ગોદડીઓ બનાવવાનો ગૃહઉગદ્યોગ વિકસ્યો છે.

શબ્દાવલી - ૫૨૬૫



આડી ચાવી

૧. કામ-કાજ કરવાની જેની વૃત્તિ ના હોય તેવું (૪)
૪. સવારી કરનાર (૩)
૬. યોગ્ય સમયે હાજર (૫)
૭. એક પ્રકારની ભાજી (૨)
૮. વલોવવું (૩)
૧૦. નથડી (૨)
૧૨. ડગલું, પગલું (૨)
૧૪. આજુબાજુ (૪)
૧૬. હેસિયત (૩)
૧૭. ગીમ, દાવ (૨)
૧૮. માલદાર (૪)
૨૦. તપસ્યા (૩)
૨૧. રટણ (૨)

ઊભી ચાવી

૧. પરાક્રમ, કારનામા (૪)
૨. ચોરસ ટૂકડો (૩)
૩. નયનરમ્ય, સુંદર (૪)
૪. અસ્પષ્ટ, અનુચિત (૫)
૫. જરૂરીયાત (૩)
૯. પાસ ના હોય તેવું (૩)
૧૧. ધમકારો, પડકાટ (૪)
૧૩. ગયેલ, વીતીય ગયેલ(૨)
૧૪. આરાધવું તે, પૂજા-અર્ચન (૪)
૧૫. અતિશય, અઢળક (૪)
૧૬. આરો..., ઘાટ-કિનારો(૩)
૧૯. ઘોડા પર ચાલી ખેલ કરનાર વ્યક્તિ (૨)

શબ્દાવલી ૫૨૬૪ના જવાબ

આડી ચાવી :-(૧) વેરાન (૩) વરણાગી (૬) પાન (૭) લુણ (૮) ઘસરકા (૧૧) રજા (૧૩) એશઆરામ (૧૬) હેત (૧૮) ખજૂરાહો (૧૯) ચલમ (૨૦) તમ (૨૧) તરાના (૨૨) લતા

ઊભી ચાવી :- (૧) વેપારી (૨) રાન (૩) વલુર (૪) રણકાર (૫) ગીટાર (૯) સહારા (૧૦) કેશ (૧૨) જાહેરાત (૧૩) એકત્રિત (૧૪) આલોચના (૧૫) મખમલ (૧૭) તહોમત

સાહિત્યકાર સમાજનો સાચો પથદર્શક છે

સાહિત્ય લાગણીઓની ધાર કાઢે છે અને જનજન સુધી પહોંચાડે છે : દીકરીઓ-નારીઓના ઉત્થાનમાં ડા. બાબાસાહેબનું પ્રદાન અજોડ છે: ખ્યાતિ-નજ્ઞ સર્જક-કવિ -વીણ ગઢવી

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય સંસ્કૃતિમાં ત્રણ સુંદર શબ્દો છે- અર્પણ, તર્પણ અને

સમર્પણ. દીકરી માટે અનેક વિશેષણો-સંબોધનો આપણે ઉપયોગમાં લઈએ છીએ, પરંતુ એ પ્રમાણેના ભાવ હૃદયમાં હોય ત્યારે દીકરી હેતની હેલી બની રહે છે. આજે મા-બાપના ભાગલા પાડવાના સમયમાં સમાજ ભો છે, ત્યારે દીકરીના દિલના દરવાજા મા-બાપ માટે ઈશ્વરના આશીર્વાદ બની રહેતા હોય છે. દીકરી પરિવારના સહુને લાગણીના તાંતણે જોડી રાખે છે, માટે જ એ વ્હાલનો દરિયો કહેવાઈ છે. રાજ્ય સરકારે બેટી બચાવો-દીકરી વધાવો, કન્યા કેળવણી મહોત્સવ વગેરે અનેક પ્રોત્સાહક પગલાંથી દીકરીના જન્મને, સ્ત્રી સશક્તિકરણ માટે સફળ પ્રયાસો કર્યા છે. સમાજના રૂઢિચુસ્ત કુરિવાજો નાબૂદ કરીશું તો જ આપણે સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકીશું. સાહિત્યકારો સમાજના સાચા પથદર્શક છે.

ઉપરોકત શબ્દો આજે ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે અગ્રીમ ગુજરાતી સર્જક દાદા જોસેફ મેકવાન સંપાદિત 'સમાજમિત્ર'ના 'દીકરી હેતની હેલી'વિશેષાંકના ગ્રંથાવતારના લોકાર્પણ સમારોહમાં અધ્યક્ષસ્થાનેથી બોલતાં રાજ્યના સામાજિક ન્યાય, અધિકારીતા, રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાએ કહ્યા હતા.

'દીકરી હેતની હેલી' ગ્રંથનું સ્વહસ્તે લોકાર્પણ કરતાં એમની યશસ્વી કૃતિ 'આંગળિયાત' થકી રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનું સર્વોચ્ચ સન્માન પામનારા અને એ ઉપરાંત એમના અઢળક સાહિત્ય સર્જન દ્વારા અનેકાનેક કિર્તીમાનો પામનારા સાહિત્યકાર સ્વ. શ્રી જોસેફ મેકવાનની અ-તિમ સાહિત્ય સેવાને બિરદાવતાં મંત્રી શ્રી રમણલાલ વોરાએ દાદા જોસેફનું સાહિત્ય આજે પણ આપણને ેરણા આપી રહ્યું હોવાનું જણાવી કહ્યું હતું કે, સાહિત્યકાર સમાજનો સાચો પથદર્શક છે અને એમાંય ડા. બાબાસાહેબ આંબેડકરે ચિંધેલા માર્ગ પર ચાલતા રહીને સર્જનકાર્ય કરી રહેલા આપણા દલિત સર્જકો તો સમાજમાં સર્વત્ર 'સમાનતાની - માનવમાત્ર એકની' નેમ સાથે દલિત સાહિત્યનું સર્જન કરી રહ્યા છે ત્યારે આપણને તેમની પાસેથી સવિશેષ અપેક્ષાઓ રહે છે. મને શ્રદ્ધા છે કે સામાજિક વિષમતાઓને દૂર કરી નવ સમાજના નિર્માણમાં આપણા દલિત સર્જકો પૂર્ણ -તિબદ્ધતા સાથે એમની કલમ ચલાવતા રહેશે.

મંત્રીશ્રીએ દાદા જોસેફ મેકવાને આપણી વચ્ચેથી વસમી વિદાય લીધી તે પહેલાં તેમણે કરેલા 'સમાજમિત્ર'ના અંતિમ સંપાદન 'દીકરી હેતની હેલી'ને ગ્રંથરૂપે -કાશિત કરીને ગુજરાતી દલિત સાહિત્યના એક લાડકા સર્જકને આમ અનોખી શ્રદ્ધાંજલિ આપવાના -યાસને બિરદાવ્યો હતો.

મંત્રીશ્રીએ દીપ -કટય કરી ડા. બાબાસાહેબ આંબેડકર અને સર્જક શ્રી જોસેફ મેકવાનની તસ્વીરોને પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા વિપુલ દલિત સાહિત્ય સર્જનને આવકારી મંત્રી શ્રી વોરાએ એમનો આનંદ વ્યકત કર્યો હતો.

આ -સંગે ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાતના લબ્ધ-તિષ્ઠિત સર્જક અને દાદા જોસેફ મેકવાનના

મહિમા છે આખરે સાહિત્ય સંવેદનને-વાસ્તવને ટકાઉ બનાવવાનું કાર્ય કરે છે. ભાષા દ્વારા વ્યક્તિનું ચારિત્ર્ય પ્રગટતું હોય છે.

જોસેફ મેકવાન સંપાદિત 'દીકરી હેતની હેલી' વિશેષાંકના ગ્રંથાવતારનું લોકાર્પણ ગાંધીનગરમાં સંપન્ન

પરમમિત્ર શ્રી મણિલાલ હ. પટેલે લેખન એ પણ જવાબદારીનું કાર્ય છે. સાહિત્ય લાગણીઓનો ધાર કાઢે છે અને જનજન સુધી પહોંચાડે છે. તેમણે અનેક ઉદાહરણો સાથે દીકરીના વાત્સલ્યની વાત કરી હતી.

ખ્યાતિ-નજ્ઞ સર્જક-કવિ અને રાજ્યના માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહાએ આ -સંગે કહ્યું કે, કવિ કલિદાસે કન્યાવિદાયના પ્રસંગનું અલૌકિક વર્ણન કર્યું છે, જે વાંચતાં ભાવવિભોર થઈ જવાય. છું બે દીકરીઓનો પિતા છું, એનો મને ગર્વ છે. આ પુસ્તકમાં ૫૦ માતા-પિતાઓએ એમની દીકરી વિશે લખ્યું છે. એ પરિવારોમાં દીકરીએ લોહચુંબક બનીને પ્રેમવર્તુળ રચ્યાં છે, એનું ભાવસભર આલેખન છે. આજના સમયમાં દીકરીઓ વ્હાલના દરિયાની સાથે સબળા બની છે અને તેઓ અનેક રીતે સમાજજીવનને પ્રેરણાદાયી બનાવી રહી છે, એનો મહિમા છે. દીકરી રંગોળી દોરે છે- કાવ્યવાંચન દ્વારા સુધી જીવવાનાં કારણો છે. સામાજિક લેખન એ વાસ્તવનું રૂપાંતરણ છે. જે વેઠે છે તે વિકસે છે. સંવેદનાનો એમણે સુપેરે દીકરીના ભાવજગતની વાત કરી હતી.

ખ્યાતિ-નજ્ઞ સર્જક-કવિ અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી -વીણ ગઢવીએ કહ્યું કે, જોસેફ મેકવાનના સાહિત્યથી ગુજરાતી દલિત સાહિત્યને ભારે નામના મળી છે ત્યારે એમણે કરેલ અંતિમ સંપાદનને પુસ્તકરૂપે લાવીને ગુજરાતી દલિત સાહિત્યની સેવામાં એક ઉત્તમ કામ થયું છે. 'દીકરી હેતની હેલી' એમ માનનારા સમાજમાં લઘુમતિમાં છે ત્યારે ખાસ કરીને ગરીબ, પછાત, દલિત સમાજમાં આજે પણ માતૃસતાક વ્યવસ્થા છે અને તેમાં દીકરીઓ પ્રત્યે પુરા લાડ પ્યાર જતાવવામાં આવે છે, એમ જણાવી શ્રી પ્રવીણભાઈએ કહ્યું કે, આપણે ઉત્તમ વિચાર કરવા માટે જેટલા જાણીતા છીએ એટલા એના આચરણ માટે નથી. ડા. બાબાસાહેબે દીકરીઓ-સ્ત્રીઓના ઉત્થાન માટે કરેલા સંનિષ્ઠ પ્રયાસોને યાદ કરી શ્રી ગઢવીએ ભૃણહત્યા રોકવા રાજ્ય સરકાર સઘન પ્રયાસો કરી રહી છે ત્યારે સૌ સર્જકો-સાહિત્યકારો-લેખકોની એ ફરજ છે કે આ સદકાર્યમાં એમના લેખન દ્વારા તેઓ સહયોગ આપે તેમ વધુમાં જણાવ્યું હતું.

દાદા જોસેફ મેકવાનના સુપુત્ર અને નાયબ સચિવ (નાણા) શ્રી ચંદ્રવદન મેકવાને એક મહાન સર્જકના પુત્ર હોવાની ઓળખ એમને એમના પરિવારને અત્યંત ગૌરવ અપાવે છે, એમ જણાવી પિતા સાથેની બાળપણથી લઈ તેઓ સદેહે રક્ષા ત્યાં સુધીની લાગણીસભર ક્ષણોને ભાવવાહી શૈલીએ રજૂ કરી પિતાના પિતૃત્વ અને સર્જનકર્મને સંભાર્યા હતા.

એસ.ટી. ભાડાના વિરોધમાં કોંગ્રેસ આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૨૨

એસ.ટી.ના ભાડામાં કરાયેલા વધારાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા સમગ્ર રાજ્યમાં આંદોલાત્મક કાર્યક્રમો આપીને ભાડા વધારાનો વિરોધ કરવામાં આવશે.

રાજ્ય સરકારે ગઈ કાલે એસ.ટી.ના ભાડામાં અંદાજે ૧૫ ટકાનો વધારો કરતાં આમ પ્રજા પર મોટું આર્થિક ભારણ આવવા પામ્યું છે. કેન્દ્ર સરકાર પર થોડા સમય અગાઉ ડીઝલના ભાવમાં વધારો કરતાં એસ.ટી. નિગમ પર આર્થિક ભારણ વધવા પામ્યું હતું. જો કે તે સમયે એસ.ટી. નિગમ દ્વારા ભાડામાં કોઈ જ વધારો કરવામાં આવ્યો ન હતો.

ડીઝલના ભાવવધારાને કારણે એસ.ટી. નિગમ પર આવેલા આર્થિક ભારણને હળવું કરવા માટે આખરે એ.ટી. નિગમે એસ.ટી.ના ભાડામાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાડા વધારાને કારણે આમ પ્રજા પર વધુ એક આર્થિક ભારણનો બોજો આવ્યો છે.

એસ.ટી. ભાડામાં થયેલા વધારાનો ગુજરાત કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. અને સમગ્ર રાજ્યમાં એસ.ટી. ભાડાના વધારાના વિરોધમાં દેખાવો કરવા માટેના કાર્યક્રમો આપવામાં આવનાર છે. અને ભાડા વધારાનો વિરોધ કરીને ભાડા વધારો પાછો ખેંચવાની માંગણી કરવામાં આવશે.

રકત દાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સિનિયર સિટિઝન કાઉન્સિલ, સહયોગ મંડળ અને રેડક્રોસ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સે-૧૫ આઈ.ટી.આઈ. ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો.

સે-૧૫ ખાતે આવેલી આઈ.ટી.આઈ.માં રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા કુલ ૮૮ તાલીમાર્થીઓએ રકતદાન કરી ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમમાં સિસિકાના કાર્યકરો, રેડક્રોસના કાર્યકરો અને સિવિલ હોસ્પિટલના ડા. વંદનાબહેન પટેલ અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી.

હિમવર્ષા

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

પ્રવાસીઓ માટે આકર્ષણના કેન્દ્ર રહ્યા છે. આ તમામ જગ્યાએ હિમ વર્ષા થઈ છે. મનાલી અને કાલ્પાથી ૧૩ કિલોમીટરના અંતરે સ્થિત સોલાંગ વિસ્તારમાં હિમ વર્ષા થઈ છે આની સાથે જ મનાલીમાં તાપમાન ઘટીને ૧.૨ ડિગ્રી થયુ છે. બીજી બાજુ લાહોલ અને સ્પિતિ જિલ્લાઓમાં કેલોંગ ખાતે તાપમાન માઈનસ ૪ ડિગ્રી થયુ છે. ધરમસાલામાં પણ તાપમાન નીચે પહોંચી ગયુ છે.

કાલ્પામાં માઈનસ ત્રણ ડિગ્રી અને સિમલામાં બે ડિગ્રી તાપમાન થયુ છે. દરિયાન જમ્મુથી પ્રાપ્ત અહેવાલ મુજબ હિમ વર્ષાના લીધે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. ભારે હિમવર્ષાના કારણે મોટી સંખ્યામાં વાહનો રાજમાર્ગ પર અટવાઈ પડ્યા છે. મોટા ભાગના વિસ્તારોમાં તપામાન માઈનસમાં પહોંચ્યુ છે. માર્ગો પરથી બરફને દૂર કરવા માટે બીઆરઓના જવાનોની મદદ લેવામાં આવી રહી છે. ભદરવા, રાજોરી, પુંચ, ડોડા, કિસ્તવાર જેવા જિલ્લાઓમાં હિમવર્ષા થઈ છે. શનિવારે મોડી રાત્રે પણ હિમવર્ષા થઈ હતી દરમિયાનમાં જમ્મુના મેદાની ભાગોમાં પણ વરસાદ થયો છે. હિમાચલ અને જમ્મુ કાશ્મીર ઉપરાંત ઉત્તરાખંડના ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. ઉત્તરભારતના રાજ્યો પણ તીવ્ર ઠંડીના સકંજામાં આવી ગયા છે જેથી જનજીવન ખોરવાઈ ગયુ છે. રાજસ્થાન હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં ધૂમ્મસના લીધે ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. ઘણી ટ્રેનો કલાકો મોડી પડી છે.

પોલીસ ઉચાટમાં... ● *અનુસંધાન પહેલાનું ચાલુ*

માંગણીઓને લઈને ગૌસેવા સમિતિ ભેગી થઈ હતી. સંમેલન પુરૂ થયા બાદ બે હજારથી વધુ સાધુ-સંતો ગાડીઓના કાફલા સાથે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવા ગાંધીનગર આવી પહોંચ્યા હતા. મુખ્યમંત્રીના રૂટ જ-માર્ગ પર કે જ્યાં ઘુસી પોલીસનો પહેરો ૨૪ કલાક હોય છે ત્યાં બે હજારથી વધુ સંતો-સાધો તથા ગૌરક્ષકો ઘુસી જતાં જિલ્લા પોલીસતંત્ર સહિત વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. જિલ્લા કલેક્ટર તથા રેન્જ પોલીસ વડા રાજીવ રંજન ભગત, જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ સહીત ઉચ્ચ અધિકારીઓ જ-માર્ગ પર હંગામો થવાની દહેશતના મેસેજથી તાબડતોબ સ્થળ પર દોડી આવ્યા હતા. જિલ્લાના તમામ ડીવાયએસપી, તમામ પોલીસ મથકના થાણા ઈન્ચાર્જ, એલસીબી, એસઓજી, ક્યુ.આર.ટી., સહિતનો પોલીસ અધિકારી કર્મચારીઓનો કાફલો જ-માર્ગ પર ઉતારી દેવામાં આવ્યો હતો. તો બીજી તરફ મુંબઈથી મહાગર્જના રેલી સમાપ્ત કરીને આવેલા મુખ્યમંત્રી તે જ સમયે ગાંધીનગર તરફ કાફલા સાથે કૂચ કરતાં તેમનો રૂટ બદલવો પડ્યો હતો. જ-માર્ગને બદલે મોટીને ચ-માર્ગથી લઈ જવાની ફરજ પડી હતી. ગૌરક્ષા સમિતિ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રને કલેક્ટરે સ્વિકારીને ઉગ્ર બનેલ ગૌરક્ષકોને શાંત પાડી પરત મોકલ્યા હતા.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જન્મદિન મુબારક

કુ. વિક્ષા સચિન ભટ્ટ
તા. ૨૩-૧૨-૨૦૧૩
આજના સાતમા જન્મદિને અમારા સર્વેના ખૂબ ખૂબ શુભાષિશ અને અભિનંદન તારો તરવરાટ અને ભણતર પ્રત્યેની એકાગ્રતા અને ઉંડી સમજ જ તને આગળ વધારશે
ભગદેવ ભટ્ટ (દાદા)
સરયૂ ભટ્ટ (બા)
મિલન ભટ્ટ (ફીયા)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના એપોલો ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે